## વડીલોને વંદન અભિનંદન



ચંદુલાલ શંભુરામ રાવલ
(૧૯૩૦) ફોન: ૨૩૨૨૬૭૬૬

## શહેરમાં વાહનચોરીના કુલ ચાર ગુના નોંધાયા

અમદાવાદ, તા.૧૦

શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી વાહનચોરીના બનાવોનો સિલસિલો યથાવત રહ્યો છે. મણીનગરના હર્ષ એપાર્ટમેન્ટમાં રહેતા ભરતભાઈ પંડ્યાએ સ્થાનિક પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી કે ૫ ડિસેમ્બરે રાત્રી દરમિયાન ઘર નજીકથી પોતાની ઓટોરીક્ષા પાર્ક કરી હતી જે ૬ ડિસેમ્બરના સવારના ૧૧:૩૦ વાગ્યા દરમ્યાન કોઈ તેમની રીક્ષા ચોરી કરી ગયું હતું. બીજી તરફ કાગડાપીઠ પોલીસ મથકમાં મુશીરખાન પઠાણે ફરીયાદ નોંધાવી હતી કે ૭ ડિસેમ્બરે કાંકરીયા લુહાણા ભવન નજીકથી તેમની ઓટોરિક્ષાની ચોરી થઈ હતી તેમજ ચાંદખેડા રબારીની કારની ચોરી રહેણાંક નજીક નિશાંત સ્ટોર પાસેથી થઈ હતી.

આ અંગેની ફરીયાદ મહેશભાઈએ ચાંદખેડા પોલીસ મથકમાં કરી હતી.



સ્પે. ઓલમ્પિકસમાં એશિયા પેસિફિકનો રમતોત્સવ તાજેતરમાં ઓસ્ટ્રેલિયાના ન્યુ કાસલ ખાતે યોજાયો હતો. જેમાં સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મંદબુદ્ધિના બાળકોની સંસ્થા હિંમતનગરના ત્રણ રમતવીરોએ ઉજ્જવળ દેખાવ કરી બાસ્કેટબોલમાં ગોલ્ડ અને રમતમાં બ્રોન્ઝ મેડલ મેળવી ગુજરાતને વિશ્વમાં ગૌરવવંતુ સ્થાન અપાવ્યું છે. હિંમતનગરની મંદબુદ્ધિની સંસ્થામાં ભણતા અમરીશ રાઠોડે બાસ્કેટબોલમાં ભારતની ટીમમાંથી પ્રતિનિધિત્વ કરી ઓસ્ટ્રેલિયાના ન્યુ કાસલ ખાતે યોજાયેલ બાસ્કેટબોલમાં પાકિસ્તાન, ઈંગ્લેન્ડ, વેસ્ટઈન્ડિઝ, બાંગ્લાદેશ અને થાઈલેન્ડને હરાવી ગોલ્ડ મેડલ મેળવ્યો છે. તે જ રીતે લકી રાઠોડ અને વિનોદ ચોપડાએ સંસ્થાના કોચ શૈલેન્દ્રસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ દોડમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

# મુરલી મનોહર એબીવીપીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા

અમદાવાદ, તા.૧૦

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના અધ્યક્ષ તરીકે હૈદરાબાદના મુરલી મનોહરની વરણી કરવામાં આવી છે જ્યારે રાષ્ટ્રીય મહામંત્રી તરીકે ગુવાહાટીના હરી બોરીકટની વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત આગામી સમયમાં નવા સભ્યોની નોંધણી માટે આગામી સમયમાં વ્યાપક અભિયાન ચલાવવાનો નિર્ણય કરાયો છે.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનું ૫૯મું રાષ્ટ્રીય અધિવેશન ૩૦મી નવેમ્બરથી બીજી ડિસેમ્બર દરમિયાન કાશીમાં યોજાયું હતું. જેથી એબીવીપીના રાષ્ટ્રીય કાર્યકારણીનું ગઠન કરવામાં આવ્યું છે. જે મુજબ હૈદરાબાદના મુરલી મનોહરનો રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગુવાહટીના હરિ બોરીકટની રાષ્ટ્રીય મહામંત્રી તરીકે વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત આ અધિવેશનમાં રાષ્ટ્રીય પરિષદમાં આગામી કાર્યક્રમો અંતર્ગત દેશણાં ૧૮ થી ૨૧ વર્ષના લગભગ ૧૦.૫ કરોડ યુવાઓને એબીવીપી સાથે જોડવા વ્યાપક અભિયાન હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે જે અંતર્ગત દેશના ૫૦૦થી વધુ જિલ્લાઓમાં નોંધણી અભિયાન હાથ ધરવામાં આવશે. દરમિયાન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના રાષ્ટ્રીય અધિવેશન બાદ આગામી ત્રણ, ચાર અને પાંચ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ અમદાવાદ ખાતે યોજાશે. જેમાં રાજ્યભરમાંથી ૫૦૦ પ્રતિનિધીઓ ભાગ લેશે. આ અધિવેશનમાં આગામી વર્ષની યોજનાઓ તથા વિભિન્ન વિષયો પર પોતાનો મત પ્રકટ કરતા શિક્ષા અને અન્ય વિષયો પર પ્રસ્તાવ રજુ કરવામાં આવશે.



તા. ૧૦ મી ડિસેમ્બર માનવ અધિકારની વિશ્વવ્યાપી ઘોષણા કરવામાં આવેલી તેના ઉપલક્ષ્યમાં આ દિનને માનવ અધિકાર દિન તરીકે આખા વિશ્વમાં ઉજવણી કરવામાં આવે છે. તદઅનુસાર ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ ગાંધીનગરના ઉપક્રમે પોલીસ અકાદમી કરાઈ ખાતે યોગક્ષેમ માનવ ગૌરવ સંસ્થાન, અમદાવાદના સહયોગથી`માનવ અધિકાર અને શિક્ષણમાં તેનુ મહત્વ`વિષય પર પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. પરિસંવાદમાં રજીસ્ટ્રાર ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ શ્રી કે. જે. શેઠ અને નાયબ પોલીસ અધિકારી શ્રી બી. યુ. જાડેજાએ માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ ૧૯૯૩ અંતર્ગત વિસ્તૃત માર્ગદર્શન આપી ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગની કામગીરીની રૂપરેખા આપી હતી.

# અભ્યાસ ટાઈમટેબલના સ્થાને ચેનલ ટાઈમટેબલ છપાઈ ગયુ

### ધોરણ ૭ની હિન્દીના પુસ્તિકામાં સ્ટાર પ્લસ, બીફોરયુ, સેટમેક્સ જેવી ચેનલોના ટાઈમટેબલ છપાતા હોબાળો

અમદાવાદ, તા.૧૦

ગુજરાત સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, કન્યા કેળવણી, જેવી અનેક યોજનાઓ દ્વારા રાજ્યમાં શિક્ષણનું સ્તર સુધારવા માટેના પ્રયત્નો થઈ રહ્યા છે બીજી બાજુ કોણ જાણે કેમ ગુજરાત રાજ્યનું પાઠ્યપુસ્તક મંડળ પોતાની ભુલોમાંથી શીખ લેતું જ નથી.

ચાલુ શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં પાઠ્યપુસ્તકો પુરો પાડવામાં નિષ્ફળ રહેલ કાર્યકારી અધિકારીઓથી સંચાલિત રાજ્યનું પાઠ્યપુસ્તક મંડળ એક સત્ર પૂર્ણ થવા છતાં હજી છબરડાઓની હારમાળા સર્જી રહ્યું છે. પાઠ્યપુસ્તક મંડળ દ્વારા બીજા સત્રની ધોરણ-૭ની હિન્દી વિષયની પુસ્તિકા બહાર પાડવામાં આવી છે. જેમાં સમયની સારણી વિષયમાં સ્ટાર પ્લસ, બીફોરયુ, સેટ મેક્સ જેવી મનોરંજન ચેનલોના ટાઈમ ટેબલ છાપવામાં આવ્યા છે. જેના કારણે વાલીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. સામાન્ય રીતે ગુજરાત રાજય પાઠ્યપુસ્તક મંડળ વિદ્યાર્થીઓને સત્રનાં અભ્યાસનું સમજુતી આપવા આ બુક બહાર પાડે છે જેમાં સત્રનું ટાઈમ ટેબલ દર્શાવવામાં આવે છે પરંતુ આ ચોપડીમાં આવી રીતે મનોરંજન ચેનલોના ટાઈમ ટેબલ છાપવાનો શું મતલબ છે તે સમજની બહાર છે. આ અંગે વિદ્યાર્થીઓના વાલી પ્રવિણસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે માહિતી પત્રિકામાં આવી રીતે ચેનલોના સિડ્યુલ છાપવાથી બાળકોના કુમળા માનસ ઉપર વિપરીત અસર પડે છે.

વિદ્યાર્થીઓ શાળાએથી ઘરે આવી પુસ્તકમાં દર્શાવેલ ચેનલો જોવા માટે આગ્રહ કરતા હોય છે. જેના કારણે અભ્યાસમાં પુરતું ધ્યાન આપી શકતા નથી. બીજી બાજુ આ અંગે જિલ્લા શિક્ષણ અધિકારીને પૂછપરછ કરતા તેમણે આ પાઠ્યપુસ્તકો રાજ્ય લેવલે છપાતા હોવાથી તે અંગે પોતાને કોઈ માહિતી નથી તેમ જણાવ્યું હતું. તાજેતરમાં જાહેર કરવામાં આવેલ સર્વેમાં ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણની કથળેલી સ્થિતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ગુજરાત દેશમાં પ્રાથમિક શિક્ષણમાં ૧૪માં સ્થાનેથી ગગડીને ૨૮મા ક્રમે પછાડી રાજ્યોની સાથે ધકેલાઈ ગયું છે. ત્યારે રાજ્યનું પાઠ્યપુસ્તક મંડળ ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણનું સ્થળ શા માટે કથળી રહ્યું છે તેની સાબીતી આપી રહ્યું છે. પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ પુસ્તકમાં વિદ્યાર્થીઓના અભ્યાસના ટાઈમ ટેબલની જગ્યાએ ટીવી ચેનલોનું ટાઈમ ટેબલ દર્શાવીને શિક્ષણનું સ્તર સુધારવા તેઓ કેટલા ગંભીર છે તેનું ઉદાહરણ પુરૂં પાડી રહ્યા છે. ત્યારે વિદ્યાર્થીઓના હિતમાં આ પુસ્તક પાછુ ખેંચવામાં આવે તેવી જાગૃત નાગરીકો ઉગ્ર માંગ કરી રહ્યા છે.

## પ્રોપર્ટી ટેક્ષની રીકવરીના ભાગરૂપે ૪ સંપત્તિ સીલ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાલમાં બાકી નીકળતાં પ્રોપર્ટી ટેક્ષના નાણાં વસુલાત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે અ.મ્યુનિ.કોર્પો.ના દક્ષિણ ઝોનના ટેક્ષખાતા દ્વારા દક્ષિણ ઝોનના શાહવાડી વોર્ડમાં ચાર લોકોની શોપ અને ગોડાઉન જેવી કોમર્શીયલ મિલકતોને સીલ મારવામાં આવ્યા છે. આગામી દિવસોમાં બાકી પ્રોપર્ટી ટેક્ષની રીકવરીના ભાગરૂપે દક્ષિણ ઝોન દ્વારા વધુ રકમની બાકી ટેક્ષવાળી મિલકતોમાં સીલ મારવામાં આવશે. રહેઠાણની મિલકતોમાં પણ બાકી ટેક્ષની વસુલાત માટે ગટર-પાણીના કનેક્શન કાપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.




સરદારબાગ પાસે માનવ અધિકાર ભંગ સામેના વિરોધમાં ધરણા અને દેખાવોનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

# લાંચ કેસ : કાન્તિ વાલાણીના જામીન નામંજુર કરી દેવાયા

અમદાવાદ, તા.૧૦

અમદાવાદના પીડબલ્યુડી વિભાગમાં કલાસ-૨ ઓફિસર તરીકે કાર્યરત અને આકાશ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કોન્ટ્રાક્ટ પેમેન્ટમાંથી ૧.૩૪ લાખ રૂપિયાની લાંચ માંગવાના ગુનામાં સપડાયેલા કાન્તિભાઈ વાલાણી દ્વારા દાખલ આગોતરા જામીન અરજી સિટી સિવીલ સેશન્સ કોર્ટે આકરા વલણ સાથે નામંજુર કરી છે. આ કેસમાં કોન્ટ્રાક્ટમાં થતી લાંચ રૂશ્વતની મોડસ ઓપરેન્ડી બહાર આવી છે.

આ કેસની વિગત એવી છે કે અમદાવાદના પીડબલ્યુડી વિભાગમાં કલાસ-૨ ઓફિસર તરીકે કાર્યરત કાન્તિભાઈ વાલાણીએ ટેન્ડર થકી આકાશ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ૩.૪૬ લાખમાં એક કોન્ટ્રાક્ટ મંજુર કર્યું હતું પણ પીડબલ્યુડી વિભાગના જ અધિકારી અને ફરિયાદી નિતેષ પટેલે કાન્તિભાઈ વાલાણીના કહેવાથી આકાશ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો કોન્ટ્રાક્ટ તરૂણ સાગરને આપી દીધો હતો ત્યારબાદ કોન્ટ્રાક્ટ પૂર્ણ થતાં કાન્તિભાઈ વાલાણીએ ઓનપેપર આકાશ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને બાયચેક રૂ. ૩.૪૬ લાખ પેમેન્ટ ચુકવી દીધું હતું પણ કાન્તિભાઈ વાલાણીએ તેમનાથી નીચેના અદિકારી નિતેષ પટેલનો આકાશ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ૩.૪૬ લાખના પેમેન્ટમાંથી ૧.૩૪ લાખ કટકી માંગવાનું કામ સોંપ્યું હતું. જેમાં પ્રદીપ જાની નામના શખ્સે મધ્યસ્થી કરી લાંચ રૂશ્વત માંગી હતી પણ અંદરખઆનએ ફરિયાદ નિતેષ પટેલે આ અંગે એસીબીમાં જાણ કરી દીધી હતી ત્યારબાદ ગોઠવેલ ટ્રેપમાં પ્રદીપ જાની આબાદ ઝડપાઈ ગયો હતો. આ ઘટના બાદ મુખ્ય આરોપી કાન્તિભાઈ વાલાણી ફરાર થઈ ગયો હતો. અને તેણે સિટી સીવીલ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી.

કાન્તિભાઈ વાલાણીના આગોતરા જામીન અરજીમાં સરકારી વકીલ મુકેશ કાપડીયાએ ધારદાર દલીલો કરતા કહ્યું હતું કે આરોપી કાન્તિ વાલાણી લાંચ ઘટના બાદ ફરાર થઈ ગયો હતો ઉપરાંત તેમણે તપાસ અર્થે પોલીસને કોઈ સાથ-સહકાર આપ્યો નથી તેવા સંજોગોમાં તેમને આગોતરા જામીન મળવા ન જોઈએ સેશન્સ કોર્ટના જજ જે.સી.દોશીએ સરકારી વકીલની દલીલો ગ્રાહ્ય રાખી કાન્તિ વાલાણીના આગોતરા જામીન નામંજુર કર્યા છે. કોર્ટે પણ ખાસ અવલોકન કર્યું હતું કે આરોપીએ તપાસમાં સાથ સહકાર આપ્યું ન હોવાથી આગોતરા જામીન મળી શકે નહીં.

## કોલકાતા ખાતે રન ફોર યુનિટીમાં સ્મૃતિ જોડાશે

અમદાવાદ, તા.૧૦

પશ્ચિમ બંગાળના હાવરા-લીલુઆ ખાતેના ગુજરાતી સમાજ-સ્કુલમાં સરદાર પટેલના સ્ટેચ્યુ ઓફ યુનિટીના સંદર્ભે આયોજિત કાર્યક્રમમાં ગુજરાતના વન રાજ્યમંત્રી જશવંતસિંહ ભાભોર, પંચાયત રાજ્યમંત્રી જયંતિભાઈ કવડીયા, સાંસદ સ્મૃતિ ઈરાની તથા સાંસદ બાલકૃષ્ણ શુકલની ઉપસ્થિતિમાં સમારંભમાં ઉપસ્થિત એક માત્ર દોઢ વર્ષની બાલિકા પ્રાચીવ રાયમગીયાએ દિપ પ્રગટાવી કાર્યક્રમનો શુભારંભ કર્યો ત્યારે ઉપસ્થિત ગુજરાત-બંગાળ સહિત વિવિધ સમાજના લોકોએ વિશિષ્ટ સ્મિત સાથે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. સાંસદ સ્મૃતિ ઈરાનીએ આ બાળકીને તેડી લઈને તેના પરિવારજનો સાથે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

ગુજરાતના વન રાજ્યમંત્રી ભાભોર સ્ટેચ્યુ ઓફ યુનિટી અંતર્ગત વિવિધ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં સામેલ થવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે સરદાર પટેલની ૧૮૨ મીટરની ઉંચી આ વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા દ્વારા તેમના કાર્યો અને આદર્શો વિશ્વ સમક્ષ પ્રસ્તુત થશે. આઝાદી આંદોલનમાં સરદારનું યોગદાન અમુલ્ય હતું. સાંસદ સ્મૃતિ ઈરાનીએ જણાવ્યું હતું કે દેશ શ્રેષ્ઠ ત્યારે જ બનશે જ્યારે દરેક બાળકને શિક્ષણ મળશે, દરેકને રોટી મળશે અને પ્રત્યેક ભારતીય સ્વાભિમાની બને. સરદાર પટેલનું સ્ટેચ્યુ ઓફ યુનિટી સરદાર સાહેબના આદર્શોનું પ્રતિક બનશે.

## શબ્દાવલી - ૫૨૫૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | | ૯ | ■ | |
| | ■ | ૧૦ | | | | ■ | |
| ■ | ૧૧ | | ■ | ■ | ૧૨ | ૧૩ | |
| ૧૪ | | | | ૧૫ | | | ■ |
| ■ | | ■ | ૧૬ | | ■ | ■ | ૧૭ |
| ૧૮ | | ૧૯ | ■ | ૨૦ | ૨૧ | ૨૨ | |
| | ■ | ૨૩ | | ■ | ૨૪ | | |

### આડી ચાવી

૧. પહેલાના જમાનાનું એક નાણુ (૪)
૪. યોગ્ય, ઉચિત (૩)
૬. પૃથ્વી, ભૂમિ (૨)
૭. ખરાબ અંજામ (૩)
૯. ખરબચડા પથ્થરને... પણ કહે છે (૨)
૧૦. યશ (૨)
૧૧. ચાલુ દિવસ, દૂ ડે (૨)
૧૩. નરસિંહ મહેતાનું વાદ્ય (૩)
૧૪. પ્યાર, પ્રેમ (૩)
૧૫. રક્ષક, ચોકી કરનાર (૨)
૧૭. મેવાડની કૃષ્ણભક્ત મહારાણી (૩)
૧૯. વાયરો (૧)
૨૦. નભ, અંબર (૩)
૨૧. અછત, ન્યૂનતા (૨)
૨૨. રાત્રિ, રજની (૨)
૨૩. એક મોટું ફળ (૪)

### ઊભી ચાવી

૧. અધવચ્ચે, અડધેથી (૬)
૨. પતંગ ચડાવવાના દોરાની મોટી રીલ (૩)
૪. દુર્ગંધ (૨)
૫. એક વાનગી જીણી સેવની (૩)
૮. શંકર પાર્વતીનો પુત્ર (૪)
૧૧. ટચલી આંગળી પાસેની આંગળી (૪)
૧૨. ટચલી આંગળી પાસેની આંગળી (૪)
૧૬. અતિ ગીચ, એકદમ ભેગુ (૪)
૧૮. દોરડુ (૨)
૨૦. ઇચ્છા, અભિલાષા (૨)
૨૧. ટેન્ટ, એક લાલ દરવાજે ... તોણીયા રે.. લોલ (૨)

### શબ્દાવલી ૫૨૫૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) રઝળપાટ (૫) વાંક (૭) તટ (૮) લસણ (૧૦) આતુરતા (૧૧) શિવ (૧૨) ક્પાત (૧૪) પાવક (૧૫) કુંપળ (૧૬) વેદ (૧૮) ક્ષત્રિય (૨૦) નફરત (૨૩) ક્ષય (૨૪) નાવિક

**ઊભી ચાવી :-** (૧) રતન (૨) ઝટ (૩) પાલતુ (૪) ટસર (૬) ક્યામત (૯) ણતાક્પ (૧૦) આવક (૧૧) શિવરાત્રી (૧૩) પાળ (૧૫) કુંદન (૧૭) ચાતક (૧૮) ક્ષમા (૧૯) યક્ષ (૨૧) ફ્ના (૨૨) રવિ

## ટીપી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો

અમદાવાદ, તા.૧૦

દક્ષિણઝોનના દાણીલીમડા વિસ્તારમાં ટીપી સ્કીમ અમલીકરણની કામગીરીના ભાગરૂપે ચંડોળા તળાવવાળા વિસ્તારમાં આવેલ બેરલ માર્કેટથી અલમુબારક રેસીડેન્સી તરફ જતાં ટીપી રસ્તાની રોડલાઈનમાં આવતાં બાંધકામોને દૂર કરવા માટે દક્ષિણ ઝોનના દબાણ વિભાગ દ્વારા મંગળવારના રોજ પાકા ૧૭ ઈન્ડસ્ટ્રીયલ, કોમર્શીયલ બાંધકામો દૂર કરીને રસ્તામાં ભળતી કુલ ૨૫૦૦ ચો.ફુટ ક્ષેત્રફળવાળી જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. આ રીતે આગળનો રસ્તો ખુલ્લો કરવાની કામગીરી પણ ચાલુ રાખી છે.

# સલ્ફેટ ખાતર ન મળતાં ખેડૂતને જોરદાર હાલાકી

અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં ધીરે ધીરે ઠંડી જામી રહી છે. ઠંડી પડતાની સાથે ખેડૂતોએ રવિપાક વાવેતરની કામગીરી પૂરજોશમાં આરંભી દીધી છે. બીજી તરફ આ રવિપાકને ફળદ્રુપ બનાવવા માટે રાસાયણિક ખાતરની જરૂરીયાત પડે છે પરંતુ છેલ્લા ઘણા સમયથી રાસાયણિક ખાતર જોઈએ ત્યારે જન મળતું હોઈ ખેડૂતોને હાલાકીનો સામનો કરવો પડે છે. સાથે સાથે ખાતરનું કાળા બજારમાં વેચાણ થતું હોવાની બૂમો ઉઠવા પામી છે. પાક માટે જરૂરી ખાતર મેળવવા માટે આમ તેમ ભટકવાનો વારો આવે છે.

રવિપાકની વાવેતરની કામગીરી શરૂ કરી દીધી છે. રવિપાકમાં સૌ પ્રથમ રાસાયણિક ડીએપી, સલ્ફેટ, પોટાશ, યુરિયા જેવા ખાતરની જરૂરીયાત ઉભી થતી હોય છે. પરંતુ આ ખાતરની જ્યારે જરૂર હોય છે ત્યારે જ ખેડૂતોને મળતું નથી. કેટલાક ડેપો ઉપરથી ખાતર સીધે સીધું કાળા બજારમાં કંપનીઓમાં કેમીકલ બનાવવા માટે વેચાઈ જતું હોય છે. ખાસ કરીને પાકના શરૂઆતના તબક્કામાં વિકાસ માટે જરૂરી એવા સેલ્ફેટ ખાતરની ભારે અછત વર્તાતી હોય છે.

## અણ્ણાના પુન: ઉપવાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આંદોલનને વધુ તીવ્ર બનાવવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. અણ્ણાએ કેન્દ્ર પર વિશ્વાસઘાત કરવા અને જનલોકપાલબિલના વચનથી પીછેહઠ કરવાનો આક્ષેપ કરતા ગઈકાલે કહ્યુ હતુ કે ભ્રષ્ટાચાર વિરોધી કાયદાને સંસદમાં પસાર કરવાના હેતુસર દબાણ લાવવા માટે તેઓ ફરી અચોક્કસ મુદતની ભૂખ હડતાળ પર ઉતરી રહ્યા છે. અણ્ણા હઝારેએ કહ્યુ હતુકે જનલોકપાલ બિલ પસાર કરવામાં નિષ્ફળતા મળવાના લીધે જ ચાર રાજ્યોમાં તાજેતરમાં જ યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર થઈ છે. યુપીએ સરકાર હજુ પણ લોકોને ગેરમાર્ગે દોરી રહી છે. સરકારે લેખિતમાં વચન આપ્યુ હતુ પરંતુ બે વર્ષનો ગાળો થઈ ગયો હોવા છતાં હજુ સુધી આ વચન પરિપૂર્ણ કરવામાં આવ્યા નથી. જનલોકપાલ બિલ આંદોલન દરમિયાન લોકસભામાં એક જ દિવસમાં પસાર કરી દેવામાં આવ્યુ હતુ ત્યારબાદ આ બિલ સ્થાયી સમિતિની પાસે પહોંચ્યુ હતુ અને ત્યારપછી રાજ્યસભામાં અને છેલ્લે ફરી એક અન્ય સમિતિ પાસે પહોંચ્યુ હતુ. આ બિલ દરેક જગ્યાએ પાસ થઈને રાજ્યસભામાં પહોંચી ગયુ છે. એક વર્ષથી વધુ સમય થઈ ગયો હોવા છતાં આ બિલ રાજ્યસભામાં પેન્ડિંગ છે. અહીં કોંગ્રેસના ૭૧ સાંસદ છે. અણ્ણા હઝારેના જનલોકપાલ બિલને સિટીઝન્સ બિલ પણ નામ આપવામાં આવ્યું છે. સિવિલ સોસાયટીના કાર્યકરો દ્વારા તૈયાર કરવામાં આવેલા આ બિલમાં ભ્રષ્ટાચારના કેસોમાં તપાસ કરવા એક સ્વતંત્ર પેનલની નિમણૂંક કરવાની માંગણી કરવામાં આવી છે. અણ્ણા હઝારે એવા સમયે ભૂખ હડતાળ ઉપર ઉતર્યા છે જ્યારે સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે. અણ્ણાના આંદોલનમાં લોકો યુપીએ સરકાર ઉપર ફરી દબાણ વધી રહ્યુંછે. અણ્ણા હજારેના આંદોલનના લીધે ફરી એકવાર જનજાગૃતિ જાગે તેવી શક્યાત છે. અણ્ણાના અગાઉના આંદોલન દરમિયાન મોટી સંખ્યામાં દેશભરથી લોકો તેમની સાથે જોડાયા હતા. આમ આદમી પાર્ટીના સભ્યો પણ તે વખતે તેમની સાથે જ દેખાયા હતા જેમાં અરવિંદ કેજરીવાલનો સમાવેશ થાય છે.

## વિદ્યાર્થીઓને ઈજા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ દુર્ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી. સ્કૂલવાનનો ચાલક દારૂના નશામાં હોવાની શંકાને પગલે પોલીસે તેના બ્લડ સેમ્પલ પણ લેવડાવ્યા છે. સે. ૭ પોલીસે ઘટનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

ઘટનાની હકીકત એવી છે કે સે. ૨૧માં સ્થિત માઉન્ટ કાર્મેલમાં અભ્યાસ કરતાં ધો. ૧ થી ધો. ૪ના વિદ્યાર્થીઓ શાળાએથી છુટતા તેમને મારૂતી વાનમાં લઈને સ્કૂલ વર્ધી મારતો સે. ૧૫ ફતેપુરા ખાતે રહેતો ૧૯ વર્ષનો યુવાન ચાલક મુકેશ બળદેવજી ઠાકોર વિદ્યાર્થીઓને બેસાડીને ઘરે લઈ જઈ રહ્યો હતો. એક પછી એક વિદ્યાર્થીઓને ઘરે ઉતારતો-ઉતારતો ડ્રાઈવર સે. ૫ સીએનજી પંપ નજીક ચોકડી પાસે પહોંચ્યો. સ્કૂલનો બીજો ફેરો મારવાની લ્હાયમાં સ્કૂલવાન લઈને ડ્રાઈવર સડસડાટ જઈ રહ્યો હતો. ત્યારે સ્કૂલવાન નં. જીજે-૧.એ.પી.૭૨૦૩ ચોકડીએથી પસાર થઈ રહેલી ઝાયલો કાર નં. જીજે-૬-એફ.સી.૬૮૯૧ સાથે ધડાકાભેર ટકરાતા વાનના આગળના ભાગનો ખુડદો બોલી ગયો હતો અને ડ્રાઈવર ફસાઈ ગયો હતો. વાનમાં બેસેલા વિદ્યાર્થીઓમાં સે. ૧૩-બી પ્લોટ નં. ૯૫૨/૨માં રહેતા ભાઈ-બહેન ધો. ૧માં અભ્યાસ કરતો ૬ વર્ષિય ક્રિશ મનીષભાઈ ડાભી અને ધો. ૨માં અભ્યાસ કરતી ૭ વર્ષિય ક્રિષા મનીષભાઈ ડાભી તથા સે. ૧૩-એ, પ્લોટ નં. ૪૬૭/૧માં રહેતો ધો. ૪નો ૧૦ વર્ષિય મહેકનાઝ મહોમમ્મદરફીક પઠાણ, ધો. ૩માં અભ્યાસ કરતી ૯ વર્ષિય સલોની ભાવીનભાઈ પંચાસરા, રહે. સે. ૫-સી પ્લોટ નં. ૧૬૪૯/૨ અને ધો. ૨માં અભ્યાસ કરતી ૬ વર્ષિય માહી એન. પરમાર પાંચ વિદ્યાર્થીઓને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. તે ઉપરાંત સે. ૧૫ ફતેપુરામાં રહેતો ૧૯ વર્ષિય ડ્રાઈવર મુકેશ બળદેવજી ઠાકોરને પણ ગંભીર ઈજાઓ થતાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ડીવાયએસપી જે.એ. જાડેજા તથા સે. ૭ પી.આઈ. જે.એમ. ભરવાડ સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

## લગ્નો માટે ભારે ક્રેઝ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તા. ૧૧-૧૨-૧૩ના રોજ જોવા મળી રહ્યો છે. આ ખાસ દિને દુનિયાભરના યુગલો લગ્ન કરવા ઉત્સુક છે. આ તારીખે લગ્ન કરવા માટે હોલ સહિતનું બુકીંગ મહિનાઓ અગાઉ થઈ ચુક્યું છે. શહેરી વિસ્તારના યુગલોમાં આ દિન પ્રત્યેની ઉત્સુકતા વધુ જોવા મળી રહી છે. ગાંધીનગર સહિત સમગ્ર રાજયમાં આ દિવસે હજારો યુગલો લગ્નગ્રંથિથી જોડાશે. ધાર્મિક રીતે આ દિનનું કોઈ ખાસ મહત્વ કે ચોઘડીયું નથી પરંતુ યાદગીરી માટે યુવા હૈયાઓમાં આ ક્રેઝ જોવા મળી રહ્યો છે. જીંદગીભર લગ્નનો દિવસ યાદગાર બની રહે તે માટે આ અનોખા સંયોગવાળી તારીખે ખુબ લગ્નો જોવા મળી રહ્યા છે. સિકવલવાળી તારીખોમાં લગ્ન કરવાનો ક્રેઝ હાલ યુવાનોમાં જોવા મળી રહ્યો છે. મુર્હુત ન હોય તો તેની પણ યુવાનો ચિંતા કરતા નથી. માત્ર લગ્ન મુર્હુતમાં જ નહીં પરંતુ પ્લાન સીઝેરીયન ડિલીવરીમાં બાળકોને જન્મ આપવા માટે ઘણા દંપતિઓ આવી તારીખો પસંદ કરે છે. ૧૧-૧૨-૧૩નો આંકડો સિકવલની દૃષ્ટિએ શ્રેષ્ઠ ગણાતો હોય છે. હાલમાં લગ્નોની સિઝન ચાલી રહી છે અને મુર્હુત સારા છે તેવા સમયે જ આ સંયોગ સર્જાતા આજના દિવસે લગ્ન કરવા માટે હજારો યુગલોએ તૈયારી કરી છે.